ચાલુ બાબત-૭૯૬(૨૧)
વર્ષ ૨૦૨૬-૨૭

બકરાં સંવર્ધન ફાર્મ કોંઢ જિ. ભરૂચ,ઘેટાં બકરાં વિકાસ ઘટક દાહોદ અને વડોદરા ની સ્થાપના અને અનુ.જનજાતિના લાભાર્થીઓ માટે બકરા એકમ(૧૦+૧)ની સ્થાપના માટે સહાય તથા હળપતિ સમાજના કુટુંબ તેમજ FRA પટ્ટા ધરાવતા તમામ આદિવાસી કુટુંબ માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજનાને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક: ACD/PEF/e-file/2/2024/3769/P1 Section - AH Schemes
સચિવાલય,ગાંધીનગર

**વંચાણે લીધા:-**

(૧) કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/PEF/e-file/2/2024/3769 /P1,તા.૦૫/૦૭/૨૦૨૫
(૨) કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ACD/PSD/e-file/2/2024 /4687 /P1 તા.૩૦/૦૪/૨૦૨૫
(૩) પશુપાલન નિયામકશ્રીની કચેરી નો પત્ર ક્રમાંક: Letter No: DOAH/0449/02/2026 Approved Date: 25-02-2026

**આમુખ:-**

વંચાણે લીધા-(૧) પરના આ વિભાગના ઠરાવથી બકરાં સંવર્ધન ફાર્મ કોંઢ જિ. ભરૂચ,ઘેટાં બકરાં વિકાસ ઘટક દાહોદ અને વડોદરાની સ્થાપના અને અનુ.જનજાતિની મહિલા લાભાર્થીઓને બકરા એકમ(૧૦+૧) સ્થાપનાની સહાયની યોજનાને વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૧૦.૪૮ કરોડની જોગવાઈથી ચાલુ રાખવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા-(૨) હળપતિ સમાજના કુટુંબ તેમજ FRA પટ્ટા ધરાવતા તમામ આદિવાસી કુટુંબ માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજનાને વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૬.૧૫ કરોડની જોગવાઈથી નવી બાબતની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા-(૩)ના પત્રથી પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા. ગાંધીનગર દ્રારા વર્ષ-૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવિષ્ટ સદરહુ રૂ.૧૬.૨૦ કરોડની યોજનાને વર્ષ ૨૦૨૬-૨૭માં ચાલુ રાખવા વહીવટી મંજૂરી મેળવવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.આ યોજના માટે સને ૨૦૨૬-૨૭ના આદિજાતિ વિકાસ વિભાગના અંદાજપત્ર પ્રકાશન નં. 24 IV ના પાના નં TASP-IV -186 પર રૂ.૧૬.૨૦કરોડ (અંકે રૂપિયા સોળ કરોડ વીસ લાખ પુરા) ની જોગવાઇ થયેલ છે.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે નીચે દર્શાવેલ યોજનાઓ અને તેની સામે દર્શાવેલ સને ૨૦૨૬-૨૭ માં રૂ. રૂ.૧૬.૨૦ કરોડ (અંકે રૂપિયા સોળ કરોડ વીસ લાખ પુરા) ની મંજૂર થયેલ જોગવાઇને નીચે દર્શાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

| | |
|---|---|
| ૧.બકરાં સંવર્ધન ફાર્મની સ્થાપના કોંઢ જિ.ભરુચ | ૦.૩૪ |
| ૨.ઘનિષ્ટ ઘેટાં બકરાં વિકાસ ઘટક વડોદરા સ્થાપના<br>૩. ઘનિષ્ટ ઘેટાં બકરાં વિકાસ ઘટક દાહોદની સ્થાપના | ૦.૬૦<br>૦.૬૬ |
| ૪. અનુસુચિત જનજાતિ લાભાર્થીઓ માટે બકરાં એકમ(૧૦+૧)ની સ્થાપના માટે સહાયની યોજના | ૮.૪૦ |
| ૫. ઘેટાં બકરાં પાલન અંગે માલધારી શિબીર | ૦.૦૨ |

| | |
|---|---|
| ૬. હળપતિ સમાજના કુટુંબ તેમજ FRA પટ્ટા ધરાવતા તમામ આદિવાસી કુટુંબ માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજના<br>**યુનિટ (૧)** : કેટલ શેડ (રૂ. ૩૦,૦૦૦/-) + પશુ માટે ખાણદાણ ૧૫૦ કિગ્રા (રૂ. ૪૦૦૦/-) + બિયારણ મીનીકીટ (રૂ.૧૨૦૦)= રૂ.૩૫૨૦૦/-X ૫૦૦ લાભાર્થી | ૧.૭૬ |
| **યુનિટ (૨)** : બકરાં એકમ (૫+૧) સ્થાપના માટે સહાય (રૂ.૫૦,૪૦૦ X ૫૦૦ લાભાર્થી) | ૨.૫૨ |
| **યુનિટ (૩)** : મરઘાં પાલન તાલીમ (સ્ટાઈપેન્ડ રૂ.૨૦૦૦) તથા ૧૦૦ બ્રોઈલર પક્ષી એકમ સહાય આપવા (રૂ.૩૬,૦૦૦/-) =કુલ રૂ.૩૮,૦૦૦ X ૫૦૦ લાભાર્થી | ૧.૯૦ |
| અંકે રૂપિયા સોળ કરોડ વીસ લાખ પૂરા | **રૂ.૧૬.૨૦ કરોડ** |

**<u>શરતો અને બોલીઓઃ-</u>**

1. પ્રસ્તુત યોજનાનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૬ થી કરવાનો રહેશે.
2. નિયમિત પગાર ધોરણની જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો પશુપાલન નિયામકશ્રીની કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
3. આઉટસોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
4. આઉટસોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
5. પશુપાલન નિયામકશ્રીની કચેરીએ ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગનાતા. ૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.
6. પશુપાલન નિયામકશ્રીની કચેરીએ રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો / કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી પશુપાલન નિયામકશ્રીની કચેરીની રહેશે.
7. એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે સંબંધિત પશુપાલન નિયામકશ્રીની કચેરીએ યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી સંબંધિત પશુપાલન નિયામકશ્રીની કચેરીની રહેશે.
8. મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંન્તાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહીં.
9. આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
10. આઉટસોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
11. સીધી ભરતી / બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટસોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.
12. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
13. ગુજરાત સરકારના ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
14. કરાર આધારીત સેવાઓ લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત કાર્યપધ્ધતિને અનુસરી ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
15. કરાર આધારીત સેવાઓ ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
16. કરાર આધારીત સેવાઓ મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
17. કરાર આધારીત સેવાઓ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

18. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી પશુપાલન નિયામકશ્રીની કચેરીએ રાખવાની રહેશે.
19. આ યોજનાનો અમલ નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
20. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
21. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
22. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
23. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
24. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
25. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
26. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
27. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
28. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
29. ગુજરાત સરકારના ઉધ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
30. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
31. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
32. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
33. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
34. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
35. The Right of Persons with Disabilities Act,2016 નીSection-24અને Section-37ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દિવ્યાંગો(માન્ય પ્રમાણપત્ર ધરાવતા)ને ૫%ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પૂરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરીપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.
36. પશુપાલન ખાતાના ફાર્મ ખાતે ખેતી અને પશુપાલનને લગતી વિવિધ કામગીરીની સૈધ્ધાંતિક અને નાણાંકીય મંજુરી જે તે વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રી પાસેથી મેળવી લેવાની રહેશે.
37. રાજ્ય હસ્તકના સરકારી ફાર્મ ખાતેના બિનઉપયોગી પશુઓનો નિકાલ કરવા સરકારશ્રીના કૃષિ ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ના પરિપત્ર ક્રમાંક:પરચ/ ૧૦/૨૦૧૮ /સીએમ-૨૭/પી.૧ ની ગાઈડલાઈન મુજબ અમલવારી કરવાની રહેશે.
38. ઘેટાં બકરાં, અશ્વ-ગદર્ભ અને ઊંટ સંવર્ધન ફાર્મ ખાતે નિભાવવામાં આવતા પશુઓની સારસંભાળ અને માવજતની સેવાઓ આઉટસોર્સથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર મેળવવાની રહેશે.

**<u>અનુસુચિત જનજાતિના લાભાર્થીઓ માટે બકરાં એકમ (૧૦+૧) ની સ્થાપના માટે સહાયની યોજનાની શરતો-બોલીઓ</u>**

(૧) આ યોજનાનો લાભ ફક્ત અનુસુચિત જનજાતિના પુખ્તવયના લાભાર્થીઓને જ આપવાનો રહેશે.
(૨) એકજ કુટુમ્બના એકજ સભ્યને લાભ આપવાનો રહેશે. યોજનાનો લાભ આજીવન એક જ વખત મળવાપાત્ર રહેશે.
(૩) યોજના હેઠળ ૨૫% લાભ મહિલાઓને મળવાપાત્ર રહેશે. સદરહું યોજના હેઠળ અગાઉ એકવાર લાભ મેળવેલ કુંટુંબના બીજા કોઇ સભ્યને યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહિ.
(૪) લાભાર્થીઓની અરજીઓ અને પસંદગી આઇ ખેડૂત ઓનલાઇન પદ્ધતિથી થશે, તેમજ આઇ ખેડૂત ઓનલાઇન પોર્ટલ ચાલુ હોય ત્યારે લાભાર્થી ઓનલાઇન અથવા તાલુકા પશુ દવાખાના ખાતે લેખિતમાં (નિયત નમૂનામાં) અરજી કરે તેવા સંજોગોમાં તે અરજી સંબંધિત પશુ ચિકિત્સા અધિકારીએ ઓનલાઇન કરવા મદદરૂપ થવાનું રહેશે.
(૫) આ યોજનાનો લાભ લેવા લાભાર્થીએ આઇ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજીની પ્રિન્ટઆઉટ લઇ તેમાં સહી/ અંગુઠાનું નિશાન કરી અરજી પર દર્શાવેલી ઓફિસ/ કચેરીના સરનામે અરજી ૭ દિવસમાં રજુ કરવાની રહેશે.
(૬) આઇ- ખેડૂત પોર્ટલમાં લાભાર્થી ઓનલાઇન અરજીમાં આધાર અને મોબાઇલ નંબર આપી પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

(૭) લાભાર્થી ઓનલાઇન અરજીની પ્રિન્ટઆઉટ સાથે બિડાણ માટેના સાધનિક દસ્તાવેજો / દાખલાઓ સ્કેન કરી ઓનલાઇન આઇ- ખેડૂત પોર્ટલ ઉપર એટેચ કરી શકે છે અથવા ઓનલાઇન અરજીની પ્રિન્ટઆઉટ સાથે બિડાણ કરી અરજી પર દર્શાવેલી ઓફિસ/ કચેરીના સરનામે નિયત સમયમર્યાદામાં (૭ દિવસમાં ) રજુ કરવાના રહેશે.

(૮) નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓને આઇ- ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઇન પાત્રતા (એલીજીબિલીટી) મળ્યા બાદ એલીજીબલ થયેલ અરજીઓની સંખ્યાના આધારે તથા જે તે જિલ્લાના ભૌતિક લક્ષ્યાંકની મર્યાદાને ધ્યાને લઇ પશુપાલન નિયામકશ્રી દ્વારા નિયત કરેલ પધ્ધતિથી જ આઇ- ખેડૂત પોર્ટલ ઉપર સંબંધિત જીલ્લાના નાયબ/ મદદનીશ પશુપાલન નિયામકશ્રી દ્વારા પાત્રતા ધરાવતી અરજીઓને પુર્વ મંજુરી આપવામાં આવશે.

(૯) લાભાર્થીએ ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બારકોડેડ રેશનકાર્ડ તથા આધારકાર્ડની નકલ (અરજીમાં આધાર નંબર રજુ કર્યો હોય તો ) રજુ કરવાની રહેશે.

(૧૦) લાભાર્થીએ અરજીને ઓનલાઇન પુર્વ મંજુરી મળ્યાના ૬૦ દિવસની સમયમર્યાદામાં એકમની સ્થાપના/ઘટક ખરીદી કરવાની રહેશે. તથા તે અંગેના ખરીદી/બાંધકામના બીલો સમયમર્યાદામાં રજુ કરવાના રહેશે. જો લાભાર્થી આ પ્રમાણે નિયત સમયમર્યાદામાં એકમની સ્થાપના / ખરીદી કરવામાં નિષ્ફળ જશે અથવા સક્ષમ ન હોવાનું જણાયે લાભાર્થીને આપવામાં આવેલ મંજુરી આદેશ રદ કરી પ્રતિક્ષાયાદીમાં અગ્રતાક્રમ મુજબ આવતા અન્ય લાભાર્થીને મંજુરી આદેશ આપવામાં આવશે. ( લાગુ પડતી યોજનાઓ માટે)

(૧૧) સહાયની રકમ DBT(Direct Benefit Transfer) થી સીધેસીધી લાભાર્થીના બેંક ખાતામાં ચુકવણી કરવાની રહેશે. કોઇપણ સંજોગોમાં લાભાર્થીને સીધી રોકડ સહાય ચુકવાશે નહિ.

(૧૨) લાભાર્થીઓની અરજીઓની ચકાસણી તથા ભલામણ તાલુકા અથવા તાલુકાના સેજાના પશુ ચિકિત્સા અધિકારી કરશે.અને તેઓ મારફતે નાયબ પશુપાલન નિયામક, જીલ્લા પંચાયતને મોકલવામાં આવશે.જેઓ તાંત્રિક મંજૂરી તથા સુપરવિઝન વગેરેની કામગીરી કરશે.

(૧૩) લાભાર્થીઓએ બકરા યુનિટ સાથે લાભાર્થીનો પોતાનો ફોટો આપવાનો રહેશે.

(૧૪) આ યોજનાના બકરાંની ખરીદી માટે તાલુકા લેવલની સ્થાનિક ખરીદ સમિતિ સંબંધિત જીલ્લાપંચાયત (પશુપાલન) બનાવી આપવાની રહેશે. યોજના હેઠળ બકરાની ખરીદી ખરીદ સમિતિ મારફતે જ કરવાની રહેશે.

(૧૫) તાલુકા મથકના અથવા તાલુકાના સેજાના સંબંધિત પશુ ચિકિત્સા અધિકારીએ લાભાર્થી દ્વારા બકરાંના રહેઠાણ માટે ફેન્સીંગવાળો વાડો અથવા કાચા/પાકા બકરાંના શેડની ખરાઇ કરવાની રહેશે.

(૧૬) દરેક લાભાર્થીઓને સહાયની યોજના હેઠળ ૧૦ બકરી અને ૧ નર બકરાનું યુનિટ આપવાનુ રહેશે. બકરીઓ ૧ થી ૨ વર્ષ સુધીની તથા બકરો ૨ થી ૩ વર્ષનો ખરીદવાનો રહેશે.

(૧૭) આ યોજના હેઠળ લાભાર્થીઓને ખોરાક,પાણી ઘાસચારો, રહેઠાણ અને ખાણદાણનો ખર્ચ ૫૦ % ફાળા તરીકે ભોગવવાનોરહેશે.

(૧૮) આ એકમ સામાન્ય સંજોગોમાં ત્રણ વર્ષ સુધી નિભાવવાનુ રહેશે.

(૧૯) લાભાર્થીઓએ દુધ ઉત્પાદનની નોધ રાખી જ્યારે તાંત્રિક અધિકારી મુલાકાતે આવે અને જોવા માગે ત્યારે રજીસ્ટર અને માહિતિ આપવાની રહેશે.

(૨૦) યોજનાના સુચારૂ અમલીકરણ અંગેની સર્વ સત્તા તથા યોજનાના અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારા વધારા કરવાની સત્તા પશુપાલન નિયામકશ્રીને રહેશે. જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

**<u>એક બકરાં એકમ (૧૦+૧) માટે થનાર ખર્ચની વિગત</u>**

| | |
|---|---|
| (અ) ૧૦ બકરીની ખરીદી ૧(એક) બકરી દિઠ રૂ.૫૦૦૦/- લેખે<br>રૂ.૫૦૦૦*૧૦ =રૂ.૫૦,૦૦૦/- | રૂ.૫૦,૦૦૦/- |
| ૧(એક) નર બકરાની ખરીદી રૂ.૧૦,૦૦૦*૧= ૧૦,૦૦૦/- | રૂ.૧૦,૦૦૦/- |
| કૂલ | રૂ. ૬૦,૦૦૦/- |
| (બ) નિભાવ ખર્ચ ( લાભાર્થીને ચુકવવાનો) | |
| (૧) ખોરાક-પાણીના સાધનો | રૂ ૭,૫૦૦/- |
| (૨) રહેઠાણ અને ફેન્સીંગ | રૂ.૧૨,૦૦૦/- |
| (૩) ઘાસચારો અને ખાણદાણ | રૂ. ૩૪,૫૦૦/- |
| (૪) દવાનો ખર્ચ | રૂ ૩,૦૦૦/- |
| (૫) અન્ય પરચુરણ ખર્ચ | રૂ ૩,૦૦૦/- |
| કૂલ | રૂ ૬૦,૦૦૦/- |

કુલ યુનિટ કિંમત (અ) + (બ) = રૂ. ૧,૨૦,૦૦૦/-

સહાયની વિગત : રૂા. ૧,૨૦,૦૦૦/- યુનિટ કિંમતના ૫૦% મુજબ મહત્તમ રૂા. ૬૦,૦૦૦/- અથવા ખરેખર થયેલ ખર્ચ, બે માંથી જે ઓછુ હોય તે

**<u>ઘેટાં-બકરાં પાલન અંગે માલધારી શિબીરની બોલીઓ અને શરતોઃ-</u>**

(૧) સદરહુ યોજના હેઠળ કુલ:૧૦ શિબિરનુ આયોજન કરવાનુ રહેશે. શિબિરનો સમય એક દિવસનો રહેશે. જેમાં અંદાજે ૫ (પાંચ) વ્યાખ્યાન આપવાના રહેશે.

(૨) શિબિરનું સ્થળ માલધારીઓ રહેતા હોય તેના આજુબાજુના ગામડાંમાં રાખવું અને શિબિરનો લાભ વધુ માલધારીઓને મળે તે મુજબ શિબિરનું આયોજન યોગ્ય જગ્યાએ રાખવાનું રહેશે.
(૩) એક શિબિરમાં અંદાજે ૫૦ તાલીમાર્થીઓને આવરી લેવાના રહેશે.
(૪) શિબિર દરમ્યાન તાલીમાર્થીઓને બે સમય ચા -નાસ્તો રૂા.૫૦/- ની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
(૫) શિબિર દરમ્યાન વ્યાખ્યાતાને રૂા. ૫૦૦/-માનદ વેતન આપવાનું રહેશે.
(૬) શિબિર દરમ્યાન તાલીમાર્થીઓને રૂા. ૨૦૦/- લેખે વેતન (સ્ટાઈપેન્ડ) આપવાનું રહેશે.
(૭) શિબિરમાં મંડપ, માઇક, બેઠક વ્યવસ્થા, વ્યાખ્યાતા માટે ચા-નાસ્તો, પાણી જેવો કન્ટીજંસી ખર્ચ રૂ. ૩૫૦૦ ની મર્યાદામાં કરવાનો રહેશે.
(૮) શિબિરમાં તાલીમાર્થી દીઠ રૂ. ૩૦ લેખે પશુપાલન પુસ્તિકા/પેમ્ફલેટ/સાહિત્ય છપાવવાનો ખર્ચ કરવાનો રહેશે.
(૯) શિબિરનો લાભ માલધારીને એક જ વખત આપવાનો રહેશે.
(૧૦) તાલીમ અંગેના જરૂરી યોગ્ય તે રજીસ્ટર નિભાવવાના રહેશે.
(૧૧) તાલીમનો કુલ ખર્ચ રૂ.૨૦,૦૦૦/- ની મર્યાદામાં કરવાનો રહેશે.(કુલ સ્ટાઈપેંડ અને માનદવેતન-૧૨૫૦૦/- તેમજ કુલ કન્ટીજંસી ખર્ચ રૂ. ૭૫૦૦)
(૧૨) યોજનાની અન્ય શરતો-બોલીઓનું પાલન કરવાનું રહેશે.

**હળપતિ સમાજના કુટુંબ તેમજ FRA પટ્ટા ધરાવતા તમામ આદિવાસી કુટુંબ માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજના**

**પરિશિષ્ટ-૧**

**યોજનાના યુનિટ-૧( કેટલ શેડ + પશુ માટે ખાણદાણ + બિયારણ મીનીકીટ) ની સ્થાપના માટેની તાંત્રિક શરતો અને બોલીઓ:**
**કેટલ શેડ સહાય માટેની શરતો અને બોલીઓ.**

(૧) લાભાર્થી પાસે ઓછામાં ઓછા બે (ગાય/ભેંસ) વર્ગના પશુઓ હોવા જોઇએ.
(૨) લાભાર્થી પાસે પોતાની માલીકીની જમીન/પાંચ(૦૫) વર્ષ કે તેથી વધુ સમય માટે ભાડા પટ્ટે લીધેલ જમીન અંગેનું કરારનામું રજુ કરવાનું રહેશે.
(૩) માલિકીની જમીન અંગેનો તલાટી કમ મંત્રીનો દાખલો રજુ કરવાનો રહેશે.
(૪) પશુપાલક રેશન કાર્ડ ધરાવતો હોવો જોઇએ.
(૫) આ યુનિટની બાંધકામની મહત્તમ સમય મર્યાદા ૯૦ દિવસની રહેશે પરંતુ જો લાભાર્થી ૩૦ દિવસમાં કેટલશેડ બાંધકામની કામગીરી હાથ ન ધરે તો તેવા કિસ્સામાં લાભાર્થીની અરજી આપોઆપ રદ ગણાશે.શેડનુ બાંધકામ નિયત ડીઝાઇન અને માપ અનુસાર કરવાનુ રહેશે.
(૬) પશુપાલકે કેટલશેડ બાંધકામ માટે વપરાશમાં લેવાયેલ માલ મટીરીયલનાં બીલ તથા તમામ મજુરીના બીલ અથવા ખરીદ કરેલ સાધનોના બીલ આપવાના રહેશે.
(૭) સંપુર્ણ કામગીરી જે તે ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રના અધિકારીશ્રીએ સમય મર્યાદામાં પુર્ણ કરાવવાની રહેશે.
(૮) લાભાર્થીએ જરૂરી નિયત થયેલ બાંહેધરી પત્રક આપવાનું રહેશે.
(૯) લાભાર્થીએ પોતાનો બેંક એકાઉન્ટ જણાવવાનો રહેશે. જેથી સહાયના નાણા તેમાં જમા થઇ શકે.
(૧૦) લાભાર્થી કેટલશેડનાં મજુરી(labour component)માટેનાં કોમ્પોનન્ટની સહાય જો ઈચ્છે તો મનરેગામાંથી સંબંધિત જિલ્લા ગ્રામ વિકાસ કચેરીમાં દાવો રજુ કરી શકશે.
(૧૧) યોજનાના અમલીકરણ અધિકારીએ કેટલશેડ બાંધકામ માટેના સુચિત સ્થળના યુનિટ સ્થાપના પહેલાના અને યુનિટ સ્થાપના બાદના GPS Coordinates (Longitude, Latitude) સાથેના ફોટોગ્રાફ લેવાના રહેશે.

**પશુ માટે ખાણદાણ ૧૫૦ કિગ્રા સહાય માટેની શરતો અને બોલીઓ.**

(૧) રાજ્ય સરકારશ્રી, દ્વારા નિયત થયેલ સમિતિ દ્વારા મંજુર થયેલ ભાવ મુજબ ખાણદાણ પુરુ પાડવાનું રહેશે.સમતોલ દાણના ભાવ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલયના ઠરાવ ક્રમાંક: સીડીએસ/૧૩૨૦૧૯/૧૫૯૬/પી.૧. તા.૨૯/૦૧/૨૦૨૦ માં ખાણદાણ સહાય યોજનાના ભાવ નિર્ધારણ માટે નિયત થયેલ સમિતિ દ્વારા નક્કી કરવા રહેશે.

(૨) યોજના અંતર્ગત તમામ જિલ્લાઓના વાર્ષિક સંકલિત લક્ષ્યાંકને ધ્યાને લઈ રાજ્ય સરકારશ્રી દ્વારા માન્ય થયેલ સમતોલ દાણના ભાવ મુજબ તેમજ તેમજ GCMMF, આણંદ દ્વારા નિયત થયેલ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ દ્વારા ઉત્પાદીત થયેલ સમતોલ દાણ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ દ્વારા પુરૂ પાડવાનું રહેશે.

(૩) ખાણદાણ ખરીદી ખર્ચ પેટે મહત્તમ રૂ.૪૦૦૦/- સહાય મળવા પાત્ર થશે.

(૪) સંબંધિત અમલીકરણ અધિકારીશ્રીએ સહાયનો લાભ મેળવેલ લાભાર્થીઓ નામ, સહાયની રકમ, સહાયનું વર્ષ વિગેરે વિગતો નિભાવવાની રહેશે અને જ્યારે જરૂર પડે ત્યારે પશુપાલન નિયામકશ્રીની કચેરીને પુરી પાડવાની રહેશે.

(૫) ખાણદાણની ગુણવત્તા બાબતની સંપૂર્ણ જવાબદારી ખાણદાણ ઉત્પાદન/સપ્લાય કરનારની રહેશે

<u>બિયારણ મીનીકીટ સહાય માટેની શરતો અને બોલીઓ.</u>

(૧) મીનીકીટ સહાય મેળવવા માટે લાભાર્થી પાસે પોતાની જમીન હોવી જરૂરી છે, તે ઉપરાંત એક વર્ષ કે તેથી વધુ સમય માટે ભાડા પટ્ટે લીધેલ જમીન ધરાવતા લાભાર્થીને મીનીકીટ આપી શકાશે.
(૨) લાભાર્થીએ પ્લોટ બનાવ્યા બાદ જે તે ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રના અધિકારીશ્રીએ પ્લોટનુ વેરીફીકેશન કરવાનુ રહેશે.
(૩) કાપણી કપાયા બાદ ઉત્પન્ન થયેલ ચારાનું વજન જે તે ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રના અધિકારીશ્રીને ત્યાં નોંધ કરાવવું.
(૪) પ્લોટ ગામનાં અન્ય ખેડુતોને બતાવી તેના લાભનું નિદર્શન કરવું.
(૫) પિયતની સુવિધા હોવી જરૂરી છે.
(૬) અરજી પત્રક સાથે ૭-૧૨, ૮-અ/તલાટીનો દાખલો(જમીન ધરાવતો હોવાનો) અને જાતિનો દાખલો સામેલ કરવો જરૂરી છે.
(૭) અરજદાર પશુઓ રાખતો હોવો જોઈએ.
(૮) ઘાસચારા વિકાસની યોજનામાં મંજુર થયેલ એજન્સી અને ભાવ મુજબ કચેરીએ સર્ટિફાઇડ ઘાસચારા મીની કીટ ખરીદ કરવાના રહેશે.

## <u>પરિશિષ્ટ-૨</u>

<u>યુનિટ-(૨) બકરાં એકમ (૫+૧) સ્થાપના માટે સહાયની તાંત્રિક શરતો અને બોલીઓ</u>

(૧) લાભાર્થીએ પુર્વ મંજુરી મળ્યાના ૬૦ દિવસની સમયમર્યાદામાં એકમની સ્થાપના/ઘટક ખરીદી કરવાની રહેશે. તથા તે અંગેના ખરીદી/બાંધકામના બીલો સમયમર્યાદામાં રજુ કરવાના રહેશે. જો પશુપાલક આ પ્રમાણે નિયત સમયમર્યાદામાં એકમની સ્થાપના/ખરીદી કરવામાં નિષ્ફળ જશે અથવા સક્ષમ ન હોવાનું જણાયે લાભાર્થીને આપવામાં આવેલ મંજુરી આદેશ રદ કરી પ્રતિક્ષાયાદીમાં અગ્રતાક્રમ મુજબ આવતા અન્ય લાભાર્થીને મંજુરી આદેશ આપવામાં આવશે.
(૨) યોજનાના અમલીકરણ અધિકારીએ બકરાં એકમ સ્થાપના માટેના સુચિત સ્થળના યુનિટ સ્થાપના પહેલાના અને યુનિટ સ્થાપના બાદના GPS Coordinates (Longitude, Latitude) સાથેના ફોટોગ્રાફ લેવાના રહેશે.
(૩) લાભાર્થી દ્વારા બકરાંના રહેઠાણ માટે બનાવેલ ફેન્સીંગવાળો વાડો અથવા કાચા/પાકા બકરાંના શેડની ખરાઇ જે તે ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રના અધિકારીશ્રીએ કરવાની રહેશે.
(૪) લાભાર્થીને સહાયની યોજના હેઠળ ૦૫ બકરી અને ૧ નર બકરાનું યુનિટ આપવાનુ રહેશે. બકરીઓ ૧ થી ૨ વર્ષ સુધીની તથા બકરો ૨ થી ૩ વર્ષનો ખરીદવાનો રહેશે.
(૫) આ યોજના હેઠળ પશુપાલકોને ખોરાક પાણીના સાધન, ફેન્સીગ, દવાઓ અને પરચુરણ ખર્ચ ૧૦% ફાળા તરીકે ભોગવવાનો રહેશે.
(૬) આ એકમ સામાન્ય સંજોગોમાં ત્રણ વર્ષ સુધી નિભાવવાનુ રહેશે.
(૭) પશુપાલકોએ દુધ ઉત્પાદનની નોધ રાખી જ્યારે તાંત્રિક અધિકારી મુલાકાતે આવે અને જોવા માગે ત્યારે રજીસ્ટર અને માહિતિ આપવાની રહેશે.
(૮) અગાઉ સદરહું સમાન પ્રકારની કોઇ યોજના હેઠળ લાભ લીધેલ લાભાર્થીને આ યુનિટનો લાભ મળવાપાત્ર થશે નહિ.

<u>બકરાં એકમ (૫+૧) સ્થાપના માટે થનાર ખર્ચની વિગતો તથા ઢાંચો</u>

| | |
|---|---|
| ૫ બકરીની ખરીદી ૧(એક) બકરી દિઠ ₹ ૫૦૦૦ લેખે ₹ ૫૦૦૦*૫ =₹ ૨૫,૦૦૦/- | ₹ ૨૫,૦૦૦/- |
| ૧(એક) નર બકરાની ખરીદી ₹ ૧૦,૦૦૦*૧= ૧૦,૦૦૦/- | ₹ ૧૦,૦૦૦/- |
| ઘાસચારો અને ખાણદાણ | ₹ ૧૫,૪૦૦/- |
| અન્ય ખર્ચ (ખોરાક પાણીના સાધન અને દવા ફેન્સીગ અને પરચુરણ ખર્ચ) | ₹ ૫,૬૦૦/- |
| કુલ | ₹ ૫૬,૦૦૦/- |
| ૯૦% મુજબ સહાય | ₹ ૫૦, ૪૦૦/- |
| કુલ એકમ ખર્ચ પૈકી લાભાર્થીએ ભોગવવાનો ૧૦% ખર્ચ | ₹ ૫,૬૦૦/- |

સહાયની વિગત : એક બકરાં એકમ ખર્ચ ₹.૫૬,૦૦૦/-ના ૯૦% મુજબ મહત્તમ ₹.૫૦,૪૦૦/- અથવા ખરેખર થયેલ ખર્ચ, બે માંથી જે ઓછુ હોય તે.

## <u>પરિશિષ્ટ-૩</u>

<u>યુનિટ નં-(૩) મરઘાં પાલન તાલીમ સ્ટાઈપેન્ડ, ૧૦૦ બ્રોઈલર પક્ષી યુનિટ આપવાની તાંત્રિક શરતો અને બોલીઓ:</u>

(૧) યોજના હેઠળ પસંદગી પામેલ લાભાર્થીઓને લક્ષ્યાંકની મર્યાદામાં સંબંધિત ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રએ મરઘાં પાલન અંગે તાલીમ આપવાની રહેશે. અને તાલીમના સ્ટાઈપેન્ડ પેટે રૂ. ૨૦૦૦/- પ્રતિ તાલીમાર્થી સહાય ચુકવવાની રહેશે. તાલીમ માટે વ્યાખ્યાતાઓને કોઇ માનદ વેતન મળવાપાત્ર રહેશે નહિ.

(૨) લાભાર્થીએ એકમ સ્થાપના માટે પોતાની માલીકીની જમીન(૭-૧૨ અને ૮-અ),વારસાઈ હક્ક અથવા ભોગવાટાની જમીનના આધાર પુરાવા રજુ કરવાના રહેશે. તદુપરાંત લાભાર્થી જમીન ધરાવતા ન હોય તો ભાડાની જમીન ઓછા માં ઓછા ૫ વર્ષના ભાડા કરાર ઉપર લઈ મરઘાં ફાર્મશેડ નું બાંધકામ કરી શકશે.

(૩) આ યોજના હેઠળ ૧૦૦ બ્રોઈલર પક્ષી, જરૂરી મરઘાં આહાર, ખોરાક તથા પાણીના સાધનો લાભાર્થીએ લાવવાના રહેશે.

(૪) આ યોજના હેઠળ મરઘાં એકમ સ્થાપના માટે ખરેખર થયેલ ખર્ચ ના ૭૫% અથવા મહત્તમ રૂ.૩૬૦૦૦/- ની મર્યાદામાં સહાય ચુકવવાની રહેશે.

(૫) સરકારી અધિકારી જ્યારે ફાર્મની મુલાકાત લે ત્યારે આવક-ખર્ચનો હિસાબ બતાવવાનો રહેશે. યુનિટના પક્ષીઓમાં રસીકરણ સમયસર કરાવવાનુ રહેશે.

(૬) યુનિટના પક્ષી બિમાર પડે કે તરત જ ઘટકના અધિકારીની સારવાર મેળવવાની રહેશે.

(૭) યોજનાના અમલીકરણ અધિકારીએ મરઘાં શેડ બાંધકામ માટેના સુચિત સ્થળના યુનિટ સ્થાપના પહેલાના અને યુનિટ સ્થાપના બાદના GPS Coordinates (Longitude, Latitude) સાથેના ફોટોગ્રાફ લેવાના રહેશે.

(૮) સદરહુ પક્ષીનુ એકમ સામાન્ય સંજોગોમાં ઓછામાં ઓછા બે વર્ષ સુધી નિભાવવાનુ રહેશે અને વાર્ષિક ઓછામાં ઓછા બે ચક્રો મુજબ બે વર્ષમાં ચાર ચક્રો લેવાના રહેશે. જે પૈકી સહાય પ્રથમ ચક્ર પર જ આપવામાં આવશે.

(૯) આ યોજના હેઠળ લાભાર્થીએ મંજુરી મળ્યેથી ૬૦ દિવસમાં ૧૦૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળ નો મરઘાં ઘર નો શેડ ઘટક અધિકારીની સુચના મુજબ તૈયાર કરી ૧૦૦ બ્રોઈલર પક્ષીના બચ્ચાં જરૂરી મરઘાં આહાર તથા ખોરાક પાણીના સાધનો ખરીદી કરી સહાયની રકમ ચૂકવવા અંગેનો દાવો રજુ કરવાનો રહેશે. જો લાભાર્થી આમ કરવામાં નિષ્ફળ જશે તો ઘટક અધિકારીએ તેનું યુનીટ રદ કરી અન્ય સક્ષમ લાભાર્થીને આ યુનીટનો લાભ આપવાનો રહેશે.

(૧૦) લાભાર્થી મરઘાં ફાર્મ બાંધકામની મજુરી (Labour Component) માટે સહાય મેળવવા ઈચ્છે તો મનરેગામાંથી સંબંધિત જિલ્લા ગ્રામ વિકાસ કચેરીમાં દાવો રજુ કરી શકશે.

(૧૧) અગાઉ સદરહું સમાન પ્રકારની કોઇ યોજના હેઠળ લાભ લીધેલ લાભાર્થીને આ યુનિટનો લાભ મળવાપાત્ર થશે નહિ.

__૧૦૦ બ્રોઈલર પક્ષીના એક એકમની સ્થાપના માટે ખર્ચની વિગતો તથા ઢાંચો__

| ક્રમ | ખર્ચની વિગત | અનાવર્તક ખર્ચ (રૂપિયા) | આવર્તક ખર્ચ (રૂપિયા) | કુલ ખર્ચ (રૂપિયા) |
|---|---|---|---|---|
| ૧ | બાંધકામ ૧૦X૧૦=૧૦૦ ચો.ફુટ<br>૧ ચો.ફુટ બાંધકામના<br>રૂ. ૨૬૦/- ગણતા ૧૦X૧૦X૨૬૦ | ૨૬૦૦૦.૦૦ | - | ૨૬૦૦૦.૦૦ |
| ૨ | સાધન પક્ષી દીઠ રૂ. ૩૦ ગણતા | ૩૦૦૦.૦૦ | - | ૩૦૦૦.૦૦ |
| ૩ | બચ્ચા ખરીદી પક્ષી દીઠ<br>રૂ. ૩૫/- ગણતા | - | ૩૫૦૦.૦૦ | ૩૫૦૦.૦૦ |
| ૪ | ખોરાક બચ્ચા દીઠ ૩.૩ કીલો પ્રમાણે કિલોના રૂ. ૪૩..૬૪ ના ભાવે<br>૧૦૦X ૩.૩X ૪૩.૬૪ | - | ૧૪૪૦૦.૦૦ | ૧૪૪૦૦.૦૦ |
| ૫ | પાણી, વિજળી, દવા, મજુરી તમામ અન્ય પરચુરણ ખર્ચ પેટે | - | ૧૧૦૦.૦૦ | ૧૧૦૦.૦૦ |
| | કુલ (રૂપિયા) | ૨૯૦૦૦.૦૦ | ૧૯૦૦૦.૦૦ | ૪૮૦૦૦.૦૦ |

આમ ૧૦૦ બ્રોઈલર પક્ષીનુ એક એકમ શરૂ કરવા માટે રૂ.૪૮૦૦૦/- નો ખર્ચ થાય છે જેની સ્થાપના પર ૭૫% સહાય અનુસાર એક એકમ પર રૂ. ૩૬૦૦૦/- ની સહાય આપવામાં આવશે.

## __પરિશિષ્ટ-૪__

## __હળપતિ સમાજના કુટુંબ તેમજ FRA પટ્ટા ધરાવતા તમામ આદિવાસી કુટુંબ માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજનાના અમલીકરણની કાર્યપધ્ધતિ__

(૧) આ યોજનામાં રાજ્યના હળપતિ સમાજના કુટુંબ તેમજ FRA પટ્ટા ધરાવતા તમામ આદિવાસી કુટુંબને લાભ મળવાપાત્ર રહેશે. હળપતિ સમાજ અને FRA પટ્ટા ધારક કુટુંબો પૈકી કુટુંબના એક સભ્ય જે તે વર્ષે યોજનાના ત્રણ યુનિટ પૈકી કોઇ એક યુનિટ માટે સહાય મેળવી શકશે. કોઇ એક યુનિટ માટે આજીવન એક વાર લાભ મળવાપાત્ર થશે.

(૨) યોજના હેઠળ લાભ મેળવવા માટે લાભાર્થીએ ઓનલાઇન અથવા નજીકના ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ખાતે ભૌતિક રીતે અરજી કરવાની રહેશે. જે તે ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર યોજનાના અમલીકરણ અધિકારી રહેશે અને નિયત નમૂના(પરિશિષ્ટ-૫ ભાગ-૧ )માં લાભાર્થી પાસેથી અરજી તથા જરૂરી આધારો/સાધનિક કાગળો મેળવી લેવાના રહેશે.

(૩) લાભાર્થી હળપતિ સમાજ અને FRA પટ્ટા ધારક કુટુંબના છે તે અંગેની સંબંધિત કક્ષાએથી જરૂરી ખરાઇ કરી લેવાની રહેશે. લાભાર્થીએ જાતિ અંગેના પ્રમાણપત્રો અરજી સાથે રજુ કરવાના રહેશે.

(૪) પશુપાલન નિયામકની કચેરી દ્વારા યોજના હેઠળ જિલ્લાવાર પ્રાથમિક લક્ષ્યાંકની ફાળવણી કરવાની રહેશે અને ત્યાર બાદ મળેલ અરજીઓના આધારે જરૂર જણાયે જિલ્લાવાર લક્ષ્યાંક ફેરફાર કરી શકશે.


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૫) યોજનાના લક્ષ્યાંક મુજબ પૂરતી અરજીઓ પ્રાપ્ત થાય તે જે તે ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રએ સુનિશ્ચિત કરવાનુ રહેશે અને તે માટે સઘન પ્રયત્નો હાથ ધરવાના રહેશે.
(૬) જે તે ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રએ યોજના હેઠળ મળેલ અરજીઓ ઓનલાઇન અથવા ઇનવર્ડ રજીસ્ટર બનાવી ઇનવર્ડ કરવાની રહેશે.
(૭) સમયમર્યાદામાં ઇનવર્ડ થયેલ અરજીઓના આખરીકરણ માટે સંબંધિત નાયબ/મદદનીશ નિયામકશ્રી ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર, સંબંધિત વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રી/સંબંધિત જિલ્લા પંચાયતના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી, સંબંધિત જિલ્લાના વન અને પર્યાવરણ વિભાગના સક્ષમ સત્તાધિકારી, સંબંધિત જિલ્લાના પ્રાયોજના વહિવટદાર કચેરીના સક્ષમ સત્તાધિકારીની કમિટી રહેશે.
(૮) ઉક્ત કમિટીએ આખરીકરણ કરેલ અરજીઓની યાદી પ્રતિક્ષા યાદી સહિત તૈયાર કરવાની રહેશે.
(૯) કમિટીએ આખરીકરણ કરેલ અરજીઓની પાત્રતા (Eligibility) જે તે ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રએ (પરિશિષ્ટ-૫ ભાગ-૨) મુજબ કરવાની રહેશે.
(૧૦) કમિટીએ આખરીકરણ કરેલ અરજીઓની પૂર્વ મંજુરી (Sanction) જે તે ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રએ (પરિશિષ્ટ-૫ ભાગ-૩) મુજબ આપવાની રહેશે. કોઇ માન્ય કારણોસર પૂર્વ મંજુરી મળેલ અરજી રદ થાય તો પ્રતિક્ષા યાદીના આગળના ક્રમે આવતા અન્ય લાભાર્થીને લાભ આપવાનો રહેશે.
(૧૧) પૂર્વ મંજુરી મળ્યા બાદ લાભાર્થીએ યુનિટની સ્થાપના જે તે યુનિટની તાંત્રિક શરતો-બોલીઓમાં જણાવેલ સમયમર્યાદામાં કરવાની રહેશે.
(૧૨) પૂર્વ મંજુરી મળ્યા બાદ લાભાર્થી યુનિટની સ્થાપના કરે ત્યાં સુંધી યુનિટના મોનીટરીંગ તથા સુપરવિઝનની કામગીરી જે તે ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રએ કરવાની રહેશે. અને નિયત સમયમર્યાદામાં યુનિટ સ્થાપના થયેથી યુનિટની ભૌતિક ચકાસણી (Verification) (પરિશિષ્ટ-૫ ભાગ-૪) મુજબ કરવાની રહેશે.
(૧૩) ભૌતિક ચકાસણી (Verification) થયા બાદ યોજનાની નિયત શરતો-બોલીઓ મુજબ યોગ્ય જણાય તેવા લાભાર્થીઓને સહાય ચુકવણા (Payment) કરવાની કામગીરી જે તે ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રએ સંબંધિત વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રીની જાણ હેઠળ (પરિશિષ્ટ-૫ ભાગ-૫) મુજબ કરવાની રહેશે.
(૧૪) યોજનાના મોનીટરીંગ તથા સુપરવિઝનની કામગીરી સંબંધિત વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રીએ કરવાની રહેશે.
(૧૫) સહાયની રકમ DBT થી સીધેસીધી લાભાર્થીના બેંક ખાતામાં ચુકવણી કરવાની રહેશે. કોઇપણ સંજોગોમાં લાભાર્થીને સીધી રોકડ સહાય ચુકવવાની રહેશે નહિ.
(૧૬) આ યોજનાની ગ્રાન્ટ પશુપાલન નિયામકશ્રીએ સંબંધિત ઘનિષ્ટ મરઘાં વિકાસ ઘટક/ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રની કચેરીને જમા કરવાની રહેશે.
(૧૭) અગાઉ સદરહું સમાન પ્રકારની કોઇ યોજના હેઠળ લાભ લીધેલ લાભાર્થીને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહિ. જેની ઉપરોક્ત કમિટીએ ખરાઇ કરી લેવાની રહેશે.

## પરિશિષ્ટ-૫
## યોજનાના અમલીકરણ અંગેના જરૂરી નિયત નમૂના
### ભાગ-૧ (અરજીનો નમૂનો)

નામ:-
ગામ:-
તાલુકો :
જિલ્લો :
તારીખ:- / /
અરજી નંબર:

પ્રતિ,
નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી,
ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ,……………..

વિષય:- હળપતિ સમાજના કુટુંબ તેમજ FRA પટ્ટા ધરાવતા તમામ આદિવાસી કુટુંબ માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજના માટે સહાય મેળવવા અરજી કરવા બાબત.

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે હું નીચે સહી કરનાર……………………………………ગામ:- ………………….તાલુકો………… ……….જિલ્લો………………. નો રહેવાસી છું. અને હળપતિ સમાજ અથવા FRA પટ્ટા ધારક કુટુંબનો અરજદાર છુ. મારી પાસે ગાય વર્ગ:………. અને ભેંસ વર્ગ: ……….. અને અન્ય વર્ગ:……….મળી કુલ: ……… પશુઓ છે. મારી પાસે પોતાની માલિકીની જમીન / વારસાઇ હક અથવા ભોગવટાની જમીન / ભાડા કરાર પરની જમીન …………………………………………………………….ગામ:-…………………તાલુકો……………………… જિલ્લો…………………… ખાતે છે. જેના પર હળપતિ સમાજના કુટુંબ તેમજ FRA પટ્ટા ધરાવતા તમામ આદિવાસી કુટુંબ **માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજનાના** યુનિટ-૧( કેટલ શેડ પશુ માટે ખાણદાણ + બિયારણ

મીનીકીટ) **અથવા** યુનિટ-(૨) બકરાં એકમ (૫+૧) સ્થાપના માટે સહાય **અથવા** યુનિટ નં-(૩) મરઘાં પાલન તાલીમ સ્ટાઈપેન્ડ, ૧૦૦ બ્રોઈલર પક્ષી યુનિટ સહાયની યોજના અંતર્ગત સહાય મેળવવા માંગુ છું. મારો બારકોડેડ રેશનકાર્ડનં.................................છે,મારો............................બેંકમાંખાતાનંબર............................... (બેંક એકાઉન્ટ નંબર)છે તથા મારો મોબાઈલ નંબર...................................છે.

હું પશુપાલન ખાતાની હળપતિ સમાજ અને FRA પટ્ટા ધારક કુટુંબ માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજનાના યુનિટ-૧( કેટલ શેડ પશુ માટે ખાણદાણ + બિયારણ મીનીકીટ) **અથવા** યુનિટ-(૨) બકરાં એકમ (૫+૧) સ્થાપના માટે સહાય **અથવા** યુનિટ નં-(૩) મરઘાં પાલન તાલીમ સ્ટાઈપેન્ડ, ૧૦૦ બ્રોઈલર પક્ષી યુનિટ સહાય મેળવવા અરજી કરું છું. જે માટે અરજી સાથે નીચે જણાવેલ દસ્તાવેજો/દાખલા સામેલ રાખી સાદર કરેલ છે. તેમજ યોજના હેઠળની તમામ શરતો અને બોલીઓથી હું વાકેફ છું. તો અરજી મંજુર રાખવા વિનંતિ છે.

હું મારો આધાર નંબર આપના ખાતાની યોજના અંતર્ગત મળવાપાત્ર યોજનાકીય લાભો મેળવવાના તથા રજિસ્ટ્રેશન કરાવવાના હેતુસર આપના ખાતા દ્વારા ઉપયોગમાં લેવા અંગે સંમતિ આપુ છું.

અરજીકર્તાની સહી.......

***<u>સામેલ:</u>***

૧. બારકોડેડ રેશનકાર્ડની નકલ (અરજી સાથે રજૂ કરવું)
૨.જન્મ તારીખ સાથેના સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્રની નકલ (આધાર કાર્ડ/મતદાર ઓળખકાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ/પાસપોર્ટ)
૩. બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક
૪. આધાર કાર્ડની નકલ
૫. અનુસુચિત જન.જાતિ (હળપતિ સમાજ અને FRA પટ્ટા ધારક કુટુંબ) અંગેના સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર
૬. પોતાની માલિકીની જમીનના (૭-૧૨ અને ૮-અ), વારસાઈ હક અથવા ભોગવટાની જમીનના આધાર પુરાવા / જો લાભાર્થી જમીન ધરાવતા ન હોય તો ભાડાની જમીનમાં ઓછામાં ઓછા પાંચ (૫) વર્ષના ભાડા કરાર(કેટલ શેડ, ૧૦૦ બ્રોઈલર પક્ષી યુનિટ માટે)
૭. પોતાની માલિકીની જમીનના (૭-૧૨ અને ૮-અ) અથવા એક વર્ષ કે તેથી વધુ સમય માટે ભાડા પટ્ટે લીધેલ જમીનના આધાર( બિયારણ મીની કીટ માટે)

નોધ : અરજદારે સહી કરેલ અરજી અને અરજીમાં દર્શાવેલ સ્વપ્રમાણિત દસ્તાવેજો જે તે ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ખાતે આપવાના રહેશે .

**<u>-: ભાગ-૨ (યોજના હેઠળની સહાયની અરજીની પાત્રતા) (Eligibility)</u>**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અરજદારશ્રી_____________________________ _______________ ગામ_________________ તા._______________ જી................................ની હળપતિ સમાજ અને FRA પટ્ટા ધારક કુટુંબ માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજનાના યુનિટ-૧( કેટલ શેડ પશુ માટે ખાણદાણ + બિયારણ મીનીકીટ) **અથવા** યુનિટ-(૨) બકરાં એકમ (૫+૧) સ્થાપના માટે સહાય **અથવા** યુનિટ નં-(૩) મરઘાં પાલન તાલીમ સ્ટાઈપેન્ડ, ૧૦૦ બ્રોઈલર પક્ષી યુનિટ માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને તેઓ સહાય મેળવવા પાત્રતા ધરાવે છે/ પાત્રતા ધરાવતા નથી.

સ્થળ :

તારીખ :   /  /

નાયબ/મદદનીશ પશુપાલન નિયામક
ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર
........

**<u>-: ભાગ-3 (યોજના હેઠળની સહાયની અરજી મંજૂર કર્યાનો આદેશ/હુકમ) (sanction)</u>**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અરજદારશ્રી_____________________________ _______________ ગામ_________________ તા._______________ જી................................ની હળપતિ સમાજ અને FRA પટ્ટા ધારક કુટુંબ માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજનાના યુનિટ-૧( કેટલ શેડ પશુ માટે ખાણદાણ + બિયારણ મીનીકીટ) **અથવા** યુનિટ-(૨) બકરાં એકમ (૫+૧) સ્થાપના માટે સહાય **અથવા** યુનિટ નં-(૩) મરઘાં પાલન તાલીમ સ્ટાઈપેન્ડ, ૧૦૦ બ્રોઈલર પક્ષી યુનિટ માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને તેઓ સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઈ તેઓની અરજી મંજુર કરવામાં આવે છે.
સ્થળ :          ,

તારીખ : / /

નાયબ/મદદનીશ પશુપાલન નિયામક
ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર
........

**-: ભાગ-૪ ચકાસણી પત્ર (Verification):-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે હળપતિ સમાજ અને FRA પટ્ટા ધારક કુટુંબ માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજનાના યુનિટ-૧( કેટલ શેડ પશુ માટે ખાણદાણ + બિયારણ મીનીકીટ) **અથવા** યુનિટ-(૨) બકરાં એકમ (૫+૧) સ્થાપના માટે સહાય **અથવા** યુનિટ નં-(૩) મરઘાં પાલન તાલીમ સ્ટાઈપેન્ડ, ૧૦૦ બ્રોઈલર પક્ષી યુનિટ સહાયની યોજના અંતર્ગત આપવામાં આવેલ મંજુરી અન્વયે શ્રી___________________________ ________________ ગામ_________________ તા.________________ જી................................ દવારા યોજનાની શરતો-બોલીઓ તેમજ નિયત ઢાંચા મુજબ યુનિટ સ્થાપના/ખરીદી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરેલ છે અને તેની સ્થળ ચકાસણી કરતાં યોજના હેઠળની તમામ શરતો અને બોલીઓ અનુસાર બરાબર જણાય છે.

સ્થળ :
તારીખ : / /

નાયબ/મદદનીશ પશુપાલન નિયામક
ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર
........

**-: ભાગ-૫ યોજના હેઠળ સહાયની રકમ ચૂકવવા માટેનો આદેશ/હુકમ) (Payment Order):-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે હળપતિ સમાજ અને FRA પટ્ટા ધારક કુટુંબ માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજના અંતર્ગત આપવામાં આવેલ મંજુરી અન્વયે શ્રી___________________________ ________________ ગામ_________________ તા.________________ જી................................ દવારા યોજનાની શરતો-બોલીઓ તેમજ નિયત ઢાંચા મુજબ યોજનાના યુનિટ-૧( કેટલ શેડ પશુ માટે ખાણદાણ + બિયારણ મીનીકીટ) **અથવા** યુનિટ-(૨) બકરાં એકમ (૫+૧) સ્થાપના માટે સહાય **અથવા** યુનિટ નં-(૩) મરઘાં પાલન તાલીમ સ્ટાઈપેન્ડ, ૧૦૦ બ્રોઈલર પક્ષી યુનિટ સ્થાપના/ખરીદી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરેલ છે અને રજૂ થયેલ દાવો સહાય ચૂકવવા પાત્ર હોઈ નિયમોનુસાર યોજનાકીય સહાય રૂા................. (અંકે રૂપિયા પૂરા) સહાય સ્વરૂપે મંજૂર કરવામાં આવે છે. જે સહાયની રકમ લાભાર્થીના________________બેન્કના બેન્ક એકાઉન્ટ નંબર ______________ માં DBT થી જમા કરાવવા આદેશ કરવામાં આવે છે.

સ્થળ :
તારીખ : / /

નાયબ / મદદનીશ પશુપાલન નિયામક,
ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક/જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર .....

## પરિશિષ્ટ-૬

### સહાયના ધોરણો

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | **:** | **પશુપાલન ખાતાની વ્યક્તિલક્ષી સહાય યોજનાઓ** |
| **પ્રોજેક્ટનું નામ** | **:** | Department of Animal Husbandry - Individual beneficiary schemes |
| **અમલીકરણ એજન્સી** | **:** | પશુપાલન નિયામકશ્રીની કચેરી, કૃષિભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર |

| અ.નં. | યોજના | ઘટકનું નામ | સહાયનું ધોરણ | રીમાર્કસ | ઘટકના પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ |

| અ.નં. | યોજના | ઘટકનું નામ | સહાયનું ધોરણ | રીમાર્કસ | ઘટકના પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા |
|---|---|---|---|---|---|
| ૧. | હળપતિ સમાજના કુટુંબ તેમજ FRA પટ્ટા ધરાવતા તમામ આદિવાસી કુટુંબ માટે પશુપાલન સંબંધિત સહાયકારી યોજના | કેટલ શેડ | કુલ ખર્ચનાં ૭૫% અથવા મહત્તમ રૂ.૩૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે | યોજનાનો લાભ લેવા ઈચ્છતાં હળપતિ સમાજના કુટુંબ તેમજ FRA પટ્ટા ધરાવતા તમામ આદિવાસી કુટુંબનાં લાભાર્થીઓએ I Khedut Portal પર અરજી કરવાની રહેશે | આજીવન એકવાર |
| | | બિયારણ મીનીકીટ | મહત્તમ રૂ.૧૨૦૦/- | | |
| | | ખાણદાણ | ૧૦૦% મહત્તમ રૂ.૪૦૦૦/- | | |
| | | બકરાં એકમ | કુલ ખર્ચનાં ૯૦% અથવા મહત્તમ રૂ.૫૦,૪૦૦/- | | |
| | | મરઘાં પાલન તાલીમ સ્ટાઈપેન્ડ & ૧૦૦ બ્રોઈલર પક્ષી યુનિટ | તાલીમ સ્ટાઈપેન્ડ રૂ.૨,૦૦૦/- તથા ૧૦૦ બ્રોઈલર પક્ષી યુનિટ કુલ ખર્ચનાં ૭૫% સહાય મહત્તમ રૂ.૩૬,૦૦૦/- કુલ રૂ.૩૮,૦૦૦/- | | |

માંગણા નંબર :૯૬

મુખ્ય સદર :૨૪૦૩- પશુપાલન

ગૌણ સદર :૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના

પેટાસદર : (૨૧)સ્થળાંતર કરતાં ઘેટાં બકરાંના ટોળા માટે સેવા કેન્દ્ર

આ હુકમો આ વિભાગની ફાઇલ ક્રમાંકની ઇ-ફાઇલ પર પર નાણાં વિભાગની નોંધ પર મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલેશ રબારી)

સેકશન અધિકારી,

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,,સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(કૃષિ),નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- પશુપાલન નિયામકશ્રી,પશુપાલન નિયામકની કચેરી,કૃષિભવન,ગાંધીનગર.
- ઉપમહાલેખાકારશ્રી(ES-૧),એકાઉન્ટ જનરલ, અમદાવાદ(E&RS Audit )ગુજરાત,ત્રીજો માળ,ઓડીટ ભવન,નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઇ) અમદાવાદ/ રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ઘેટા વિકાસ શાખા, પશુપાલન નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ શાખા, બ.૧, પી-૨, અ અને નાણાં શાખા.
- પસંદગી ફાઇલ
- સેક્શન અધિકારીશ્રી (આઈ.ટી. સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ (ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ)

Signature valid

Signed by:Kameshbhai Rabari
Section Officer
Date:2026.06.20
12:19:29 +5:30